દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

શુક્રવાર ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬

# ઇન્ટરનેટ પર વધુ પડતો આધાર હેકરોને રોજીંદું જનજીવન ખોરવવા પણ મોકળું મેદાન આપે છે

સાયબર હુમલાઓ વિશે સામાન્ય સમજ એવી છે કે આવા હુમલાઓ કરીને મોટી કંપનીઓ, સંસ્થાઓ કે કેટલીક વખતે સરકારોના પણ કોમ્પ્યુટર નેટવર્ક ખોરવી નાખવામાં આવે છે, લોકોના અંગત ડેટાની તફડંચી કરવામાં આવે છે કે પછી બેંકો, નાણાકીય સંસ્થાઓમાંથી મોટી રકમની તફડંચી કરવામાં આવે છે. પરંતુ જે રીતે ઇન્ટરનેટ આપવા રોજબરોજના જીવનમાં સઘન રીતે વણાઇ ગઇ છે તે જોતા હવે તો સાયબરહુમલાઓ સુપર માર્કેટોમાં મૂકેલા ખાદ્ય પદાર્થોને પણ બગાડી મૂકી શકે છે. હાલમાં ફ્રાન્સની સુપરમાર્કેટ ચેઇનોના કનેક્ટેડ રેફ્રિજરેશન નેટવર્ક પર થયેલા સાયબર હુમલાએ આ વાત સાબિત કરી બતાવી છે. ટૂંકમાં હવે સાયબર હુમલાખોરો રોજબરોજના જીવનને વ્યાપક રીતે ખોરવી નાખવા માટે સક્ષમ બની ગયા છે. ફ્રાન્સના સુપરમાર્કેટની આઇલ્સથી લઈને કાર પ્લાન્ટ્સ, એરપોર્ટ્સ અને ઊર્જા નેટવર્ક્સ સુધી, હેકર્સે એવી સિસ્ટમોને અસ્થિર કરવાના રસ્તા શોધી કાઢ્યા છે જેના પર વ્યવસાયો ચાલુ રહેવા માટે આધાર રાખે છે.

હાલમાં ૧૧-૧૨ ઓક્ટોબરના રોજ એક સાઇબર હુમલાએ ફ્રેન્ચ સુપરમાર્કેટ શ્રંખલાઓ, જેમાં ઇન્ટરમાર્ચ, નેટ્ટો, કૂપરેટિવ યુ, કારફૂર અને મોનોપ્રોક્સ સામેલ છે, તેના રેફ્રિજરેશન સિસ્ટમ્સને નિશાન બનાવી હતી. રોઇટર્સે અહેવાલ આપ્યો હતો કે એકલા ઇન્ટરમાર્ચેના આશરે ૧૫૦ સ્ટોર્સ પ્રભાવિત થયા હતા, જ્યારે કૂપરેટિવ યુએ ૮૦ આઉટલેટ્સ પર અસ્થિરતાની પુષ્ટિ કરી હતી. કેટલાક સ્થળોએ રેફ્રિજરેશનનું તાપમાન ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હોવાના અહેવાલ છે, જેના કારણે ખોરાક બગડી ગયો અને આગ લાગવાના પણ બનાવો બન્યા. અનેક સુપર સ્ટોરોએ બગડેલા ખાદ્ય પદાર્થો ફેંકી દેવા પડ્યા. આ હુમલામાં કથિત રીતે ડેનમાર્કની ડેનફોસ દ્વારા બનાવવામાં આવેલા રેફ્રિજરેશન કંટ્રોલર્સની નબળાઈઓનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. ઇન્ટરમાર્ચેના મુખ્ય કાર્યકારી અધિકારીએ એક જ દિવસમાં સમગ્ર ઉદ્યોગને થયેલું નુકસાન દસ મિલિયન યુરોથી વધુ હોવાનું જણાવ્યું હતું. ફ્રાન્સની નેશનલ સાઇબર સિક્યુરિટી એજન્સી અને પેરિસ પ્રોસીક્યુટરની કાર્યાલય આ ઘટનાની તપાસ કરી રહી છે. આ હુમલો કોણે કર્યો અને તેમનો હેતુ શું હતો તે હજુ અસ્પષ્ટ છે. પરંતુ એક વાત ચોક્કસ છે કે આ રેફ્રિજરેશન સિસ્ટમ પણ કનેક્ટેડ હતી, ઇન્ટરનેટ વડે સંકળાયેલી હતી તેથી તે સાયબર હુમલાનો ભોગ બની શકી. આ જ રીતે કેટલાક સમય પહેલા અમેરિકાના મિનેસોટામાં સામુદાયિક જળ વિતરણ પ્રણાલિને પણ નિશાન બનાવવામાં આવી હતી. મિનેસોટા આઇટી સર્વિસીઝના જણાવ્યા અનુસાર, ૨૬-૨૭ જુલાઈએ સંકલિત સાઇબર હુમલામાં મિનેસોટાની ૩૦ થી વધુ કમ્યુનિટી વોટર સિસ્ટમ્સને નિશાન બનાવવામાં આવી હતી. રાજ્યની સાઇબર સુરક્ષા ટીમોએ પ્રવૃત્તિની તપાસ કરવા અને તેને નિયંત્રિત કરવા માટે સ્થાનિક, ફેડરલ અને ખાનગી ક્ષેત્રના ભાગીદારો સાથે મળીને કામ કર્યું હતું. અધિકારીઓએ લક્ષ્યોને ઓપરેશનલ ટેક્નોલોજી તરીકે વર્ણવ્યા હતા, જે પરંપરાગત ઓફિસ કમ્પ્યુટિંગને બદલે ભૌતિક પ્રક્રિયાઓને નિયંત્રિત કરે છે. રાજ્યે ઓપરેટરોને ઓપરેશનલ કંટ્રોલર્સ પર બિનજરૂરી ઇન્ટરનેટ એક્સેસ મર્યાદિત કરવા, પાસવર્ડ મજબૂત કરવા, શક્ય હોય ત્યાં મલ્ટી-ફેક્ટર ઓથેન્ટિકેશન સક્ષમ કરવા અને ઓપરેશનલ નેટવર્ક્સને એડમિનિસ્ટ્રેટિવ સિસ્ટમ્સથી અલગ રાખવાની સલાહ આપી હતી. અહીં આ જ વાત મહત્વની છે, ઓપરેશન કન્ટ્રોલર્સ પર બિનજરૂરી ઇન્ટરનેટ એક્સેસ મર્યાદિત કરવી જરૂરી છે. બધી જ બાબતોને ઇન્ટરનેટ સાથે જોડી દેવાથી હેકર્સને ફાવતું મળી જાય છે.

બીજા પણ એવા અનેક સાયબર હુમલાઓના બનાવો છેલ્લા કેટલાક સમયમાં બન્યા છે જેમાં રોજબરોજના જીવનને ખોરવતી અસરો થઇ હોય. ડચ હેલ્થકેર સોફ્ટવેર પ્રોવાઈડર ચિપસોફ્ટે એપ્રિલમાં રેન્સમવેર હુમલાનો ખુલાસો કર્યો અને સાવચેતીના પગલા રૂપે દર્દીઓના પોર્ટલ અને તેના હેલ્થકેર ડેટા એક્સચેન્જ પ્લેટફોર્મ સહિત અનેક સેવાઓ અસ્થાયી રૂપે ડિસ્કનેક્ટ કરી દીધી. હોસ્પિટલના સ્ટાફ કંપનીની HiX સિસ્ટમનો ઉપયોગ કરવાનું ચાલુ રાખી શક્યા, પરંતુ અસ્થિરતા દરમિયાન કેટલીક ડિજિટલ સેવાઓ અનુપલબ્ધ હતી. આ હુમલો દર્દીના રેકોર્ડ, વહીવટી કાર્યો અને ડિજિટલ સેવાઓ માટે સામાન્ય સોફ્ટવેર પ્રદાતા પર હોસ્પિટલોના નિર્ભરતાના જોખમોને પ્રકાશિત કરે છે. એક સપ્લાયર પરનો હુમલો એક સાથે અનેક હેલ્થકેર સંસ્થાઓને અસર કરી શકે છે. હેકિંગ ગ્રુપ હંડાલાએ જવાબદારી સ્વીકારતા જણાવ્યું હતું કે આ હુમલો ઇરાનમાં લશ્કરી હુમલાના બદલામાં કરવામાં આવ્યો હતો. કેટલાક સાયબર હુમલાખોરો ટીખળ માટે કે ખંડણી માટે પણ હુમલાઓ કરે છે. પોલેન્ડની રાષ્ટ્રીય સાઇબર સુરક્ષા ટીમ, સર્ટ પોલેન્ડ અનુસાર, ૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ, સંકલિત હુમલાઓએ ૩૦ થી વધુ પવન અને સોલાર ફાર્મ્સ, એક ઉત્પાદક કંપની અને લગભગ અડધા મિલિયન ગ્રાહકોને ગરમી પૂરી પાડતી મોટી કમ્બાઈન્ડ હીટ એન્ડ પાવર પ્લાન્ટને નિશાન બનાવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૨૫ માં લંડનમાં હિથ્રો, બ્રસેલ્સ અને બર્લિન સહિત અનેક મોટા યુરોપિયન એરપોર્ટ્સ પર કોલિન્સ એરોસ્પેસ દ્વારા પૂરી પાડવામાં આવેલી સિસ્ટમો પરના સાઇબર હુમલાએ સ્વચાલિત ચેક-ઇન અને બોર્ડિંગને અસ્થિર કર્યું. જેને કારણે મુસાફરોને ભારે પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો. આ બધી વાતનો સાર એ જ છે કે ઓપરેશન કામગીરીઓમાં બિનજરૂરી ઇન્ટરનેટ અવલંબન ઓછું કરવાની જરૂર છે.

## લડવું જરૂરી નથી

એક બગીચામાં મધમાખીઓ ફૂલો પાસેથી રસ એકત્ર કરતી. એક દિવસ જોરદાર પવન ફૂંકાયો. ફૂલો ઝૂકી ગયાં, પાંદડાં ઊડી ગયાં અને મધમાખીઓને પણ પવનના તોફાનમાં ઊડવામાં મુશ્કેલી પડવા લાગી.

મધમાખીઓ ગુસ્સે થઈ. 'આ પવન આપણો દુશ્મન છે. આપણે તેને રોકવાનો રસ્તો શોધવો જોઈએ.'

મધમાખીઓ રાણી પાસે ગઈ અને કહેવા લાગી કે 'આ પવન જોડે લડવું પડશે. તેને રોકવો પડશે' પણ રાણીએ તેમની લડવાની વાત ન સ્વીકારતાં જુદી જ વાત કરી. રાણીએ કહ્યું, 'આપણે બધાં મળીને પવનને રોકી શકીએ કે નહીં એ ખબર નથી, પણ આપણે પવનથી બચીને કામ કેવી રીતે કરવું તે ચોક્કસ શીખી શકીએ.'

બીજી મધમાખીઓને રાણીની વાત ગમી નહિ. તેમને પવન સાથે લડી લેવા તેની સામે થવાનું નક્કી કર્યું. તેમણે પવન સામે જ ઊડવાનો પ્રયત્ન કર્યો અને વારંવાર પાછી ફેંકાઈ.

મધમાખીની રાણીએ પવનની દિશા નિહાળી. સામે પવને ઊડવું અશક્ય હતું. બરાબર અવલોકન કરતાં તેણે જોયું કે કોઈ દીવાલ કે મોટા ઝાડની આડશ હોય તે ભાગમાં પાછળના ભાગમાં હવા ઓછા જોરથી ફૂંકાય છે. તેણે ત્યાંનાં ફૂલો શોધ્યાં અને સુરક્ષિત રીતે રસ એકત્ર કર્યો.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

અને બધી મધમાખીઓને બોલાવી... બીજી મધમાખીઓ પણ તેની પાછળ આવી. તેમણે ઝાડની આડશનો ઉપયોગ કર્યો, પવન ઓછો હોય ત્યારે ખુલ્લાં ફૂલો સુધી ગઈ અને રસ એકત્ર કર્યો.

રાણીએ બધાને સમજાવ્યું કે પહેલાં પવનની દિશા જુઓ અને જ્યાં કોઈ મોટી આડશ હોય ત્યાં પવનની ગતિ ધીમી થશે તે બાજુના ફૂલો પર જાવ. બધી મધમાખીઓએ રાણીએ કહ્યું તેમ કર્યું અને સાંજ સુધીમાં તેમણે પૂરતો રસ એકત્ર કર્યો.

મધમાખીઓને રાણીએ પૂછ્યું, 'તમે પવન સાથે લડવાની કેમ ના પાડી?'

મધમાખીની રાણીએ કહ્યું, 'લડવું ખોટું નથી, પરંતુ દરેક મુશ્કેલી સાથે લડવાથી જ જીત મળે એવું નથી. કેટલીક મુશ્કેલીઓ લડ્યા વિના શાણપણ રાખી આપણને માર્ગ બદલવાનું શીખવે છે.'

આગલા દિવસે પવન શાંત થયો. મધમાખીઓ ફરી આખા બગીચામાં ઊડવા લાગી. હવે તેઓ પવનથી ડરતી નહોતી, કારણ કે તેઓ જાણતી હતી કે જ્યારે પરિસ્થિતિ બદલાય ત્યારે પોતાનો અભિગમ પણ બદલી શકાય છે.

આપણા જીવનમાં પણ દરેક વિરોધી પરિસ્થિતિને હરાવવી શક્ય નથી. ક્યારેક સમજદારી રાખી પરિસ્થિતિની શક્તિને ઓળખીને તેની વચ્ચે પોતાનું કામ આગળ વધારવું. અનુકૂળતા શોધવી જરૂરી છે.

# અર્થશાસ્ત્રનો નોબેલ હોલ અને વુડફોર્ડનું યોગદાન

**કહેવાની વાત**

**નેહા શાહ**

> **આર્થિક નીતિ પાછળ એવી સમજ હતી કે ફુગાવો વધે તો બેરોજગારી ઘટે અને ફુગાવો ઘટે તો બેરોજગારી વધે એટલે પરસ્પર વિરુદ્ધ દિશામાં જતા બે આર્થિક પ્રશ્નોને નાણાંકીય અને રાજકોષીય ઉપાયો દ્વારા કાબૂમાં રાખી શકાય**

2026નો અર્થશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર (સ્વેરિગ્સ રિક્સબેંક પુરસ્કાર) અમેરિકન અર્થશાસ્ત્રીઓ રોબર્ટ હોલ અને માઈકલ વુડફોર્ડને આપવામાં આવ્યો છે. અર્થતંત્રમાં ફુગાવો, બેરોજગારી અને આર્થિક મંદી જેવી વધઘટને સમજવામાં અને તેને નિયંત્રિત કરવા માટેની નીતિઓ ઘડવામાં તેમના સંશોધનનો મહત્ત્વનો ફાળો છે. તેમના સંશોધનકાર્યથી વિશ્વભરની સરકારો અને મધ્યસ્થ બેંકો અર્થતંત્રમાં હસ્તક્ષેપ કેવી રીતે કરે છે તે સમજવામાં મદદ મળે છે. હોલ અને વુડફોર્ડનાં કામનું મહત્ત્વ સમજવા માટે ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય ધ્યાનમાં લેવું પડે. 1929ની મહામંદી દરમિયાન અર્થશાસ્ત્રી જોન મેયનાર્ડ કેઈન્સે એવી દલીલ કરી હતી કે પ્રવર્તમાન મહામંદી બજારની નિષ્ફળતાનું પરિણામ છે. તેમનું માનવું હતું કે ઘણી વાર બજારના પ્રવાહો ઈચ્છનીય પરિણામો આપતા નથી, એટલે સરકાર અને સરકારી સંસ્થાઓના પ્રયાસોની જરૂર ઊભી થાય છે. દાખલા તરીકે, જ્યારે મંદી હોય ત્યારે સરકારે ખર્ચ વધારવો જોઈએ, કરવેરામાં ઘટાડો કરવો જોઈએ અને મધ્યસ્થ બેંકે વ્યાજના દર ઘટાડવા જોઈએ. આર્થિક નીતિ પાછળ એવી સમજ હતી કે ફુગાવો વધે તો બેરોજગારી ઘટે અને ફુગાવો ઘટે તો બેરોજગારી વધે એટલે પરસ્પર વિરુદ્ધ દિશામાં જતા બે આર્થિક પ્રશ્નોને નાણાંકીય અને રાજકોષીય ઉપાયો દ્વારા કાબૂમાં રાખી શકાય.

1970ના દાયકાના ઓઈલ શોક પછી આ સમજણ બદલાઈ ગઈ. ખનિજ તેલના ભાવ વધવાની સાથે ઉત્પાદનખર્ચ વધ્યો, જેને કારણે ફુગાવો અને બેરોજગારી બંને એક સાથે વધ્યાં. આ પરિસ્થિતિએ આર્થિક નીતિઓ સામે નવા પ્રશ્નો ઊભા કર્યા. ફુગાવો અને બેરોજગારીના બેવડા મારને કારણે મધ્યસ્થ બેંકની વ્યાજદરની નીતિથી લોકોની ખરીદી અને રોકાણની પસંદગીમાં ધાર્યો ફેરફાર આવતો બંધ થયો. એટલે લોકોની ખરીદી નક્કી કરતાં બદલાયેલાં પરિબળોને સમજવાનું જરૂરી બન્યું. આથી નાણાંકીય અને રાજકોષીય નીતિઓમાં વ્યક્તિગત વર્તણૂકોને કેન્દ્રમાં રાખવાનો અભિગમ વિકસ્યો, જે 'નવા કેઈન્સવાદી વિચારપ્રવાહ' તરીકે જાણીતો બન્યો. હોલ અને વુડફોર્ડના સંશોધનકાર્યે આ વિચારધારાને સૈદ્ધાંતિક આધાર આપવાનું કામ કર્યું.

હોલે લોકોના વપરાશખર્ચ અંગેના નિર્ણયોનો અભ્યાસ કર્યો અને દર્શાવ્યું કે લોકો કેટલો ખર્ચ કરશે તે માત્ર તેમની વર્તમાન આવક પર આધારિત નથી, પરંતુ ભવિષ્યમાં આવક કેટલી હશે તેની અપેક્ષા પર પણ આધારિત છે. જો કે, દરેક પરિવાર પાસે બચત કે ધિરાણની સુવિધા હોતી નથી. જે પરિવારોની આવક ઓછી છે અને જેઓ રોજિંદી જરૂરિયાતો માટે વર્તમાન આવક પર જ આધાર રાખે છે, તેમના નિર્ણયો અલગ હોઈ શકે છે. જો ભવિષ્યમાં આજીવિકા રહેશે કે નહીં એ અંગે લોકોને આશંકા હોય, તો વ્યાજના દર ગમે તેટલા નીચા જાય, તો પણ લોકો ખરીદી કરવાનું ટાળશે. વુડફોર્ડનું સંશોધન કંપનીઓના ભાવનિર્ધારણ અને વ્યાપારિક નિર્ણયો અંગે છે. કંપનીઓ ભાવ કેવી રીતે નક્કી કરે છે અને ભવિષ્યમાં વ્યાજના દરો તથા આર્થિક પરિસ્થિતિ અંગેની અપેક્ષાઓ તેમના નિર્ણયો પર કેવી અસર કરે છે, તેનો તેમણે અભ્યાસ કર્યો છે. કંપનીઓ દરેક વખતે ભાવ બદલતી નથી, તેથી મધ્યસ્થ બેંક ભવિષ્યની નીતિ અંગે કેવા સંકેતો આપે છે તે પણ ફુગાવાને અસર કરી શકે છે.

ઓઈલ શોક પછીના પાંચ દાયકામાં એક મહત્ત્વનો પ્રશ્ન ઊભો થયો છેઃ અર્થતંત્રને સ્થિર રાખવું અને આર્થિક વિકાસના લાભોનું ન્યાયી વિતરણ સુનિશ્ચિત કરવું એ બે અલગ બાબતો છે. એટલે નવા કેઈન્સવાદી વિચારપ્રવાહ સામે પણ પ્રશ્નો છે. સૌથી મૂળભૂત સવાલ તો એ જ છે કે જ્યારે રાષ્ટ્રીય આવકની વહેંચણી વધુ ને વધુ અસમાન થતી જતી હોય અને વૃદ્ધિ સર્વસમાવેશક ન હોય, ત્યારે વૃદ્ધિદર લોકોની સુખાકારી અંગે ભ્રામક ચિત્ર ઊભું કરી શકે છે. વ્યાજદરની વધઘટ દરેક વ્યવસાયને સરખી અસર કરતી નથી. ઉપરાંત, આર્થિક અસ્થિરતા માત્ર માંગ અને પુરવઠાના અસંતુલનથી જ ઊભી થતી નથી.

વળી, વ્યાજના દરમાં ફેરફાર કરીને બેંકોમાં થતા નાણાંકીય વ્યવહારોને પ્રભાવિત કરી શકાય, પરંતુ શેરબજારમાં થતા સટ્ટાકીય વ્યવહારો પર તેની અસર મર્યાદિત હોઈ શકે છે. આજે નાણાંબજાર માત્ર બેંકો પૂરતું મર્યાદિત રહ્યું નથી. લોકો પોતાની બચત બેંકોમાં જમા કરવાને બદલે શેરબજારમાં રોકાણ કરે છે અથવા સટ્ટાકીય પ્રવૃત્તિઓમાં નાણાં લગાવે છે ત્યારે નાણાંકીય નીતિની આ મર્યાદા પણ સમજવી પડશે.

હોલ અને વુડફોર્ડના સંશોધને 1980 અને 1990ના દાયકાની નીતિઘડતરમાં મદદ કરી હતી. પરંતુ આજે આર્થિક નીતિઓ સામેના પડકારો બદલાઈ ગયા છે. આ બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખવી પડશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# શંકારહિત ચૂંટણી લોકશાહી રાષ્ટ્રની પાયાની જરૂરિયાત છે અને લોકોનો અધિકાર છે

**રાજ કાજ ગુજરાત**

**કાર્તિકેય ભટ્ટ**

> **રૂઆતમાં તો ભારતની વ્યાપક નિરક્ષરતાને કારણે ચૂંટણી ચિહ્ન દ્વારા ચૂંટણીની પ્રક્રિયા શરૂ આથી જે આજે પણ અકબંધ છે અને ભણેલાં-ગણેલાં શહેરી લોકો પણ પ્રતિનિધિને ઓળખ્યા વગર પક્ષના ચૂંટણી પ્રતીકને વોટ આપે છે**

અંગ્રેજી કહેવત છે કે રાજાની રાણી શંકાથી પર હોવી જોઈએ. આધુનિક લોકશાહી શાસન વ્યવસ્થામાં વિશ્વને વિશ્વાસ છે. યુગોના અનુભવ પછી માણસ જાતે આ શાસન વ્યવસ્થા પર વિશ્વાસ મૂક્યો છે અને ઉત્તમ ગણાયેલી લોકશાહી શાસન વ્યવસ્થાના લાભ તો જ સમાન્ય જન સુધી પહોંચે જો લોક પ્રતિનિધિની પસંદગી સુચારુ બને.

ભારતમાં લોકશાહી સ્વીકારાઈ છે અને સંસદીય લોકશાહીમાં પ્રતિનિધિ પસંદ કરવાની વ્યવસ્થાના કેન્દ્ર સ્થાને ચૂંટણી છે અને ભારતમાં ચૂંટણીની શરૂઆતથી જ તેના વ્યવહાર માટે અને તે દ્વારા ચુંટાયેલા લોક પ્રતિનિધિઓને ખરેખર લોક પ્રતિનિધિ કહેવા કે નહીં તેના પ્રશ્નો થતા આવ્યા છે. શરૂઆતમાં તો ભારતની વ્યાપક નિરક્ષરતાને કારણે ચૂંટણી ચિહ્ન દ્વારા ચૂંટણીની પ્રક્રિયા શરૂ આથી જે આજે પણ અકબંધ છે અને ભણેલાં-ગણેલાં શહેરી લોકો પણ પ્રતિનિધિને ઓળખ્યા વગર પક્ષના ચૂંટણી પ્રતીકને વોટ આપે છે. પ્રચાર પણ નીતિઓ અને ઊભા રહેલા ઉમેદવારને બદલે ચૂંટણી ચિહ્નનો થાય છે. કમળ,કમળ,કમળ કે પંજો પંજો પંજો જ એકવીસમી સદીમાં કાનમાં પડઘાતો ઉચ્ચાર હોય ત્યાં લોક પ્રતિનિધિતવ ગુણવત્તાને આધારે થાય છે તેમ કેમ માનવું?

શરૂઆતમાં ઓછા વોટીંગ અને ગેરરીતિઓ દ્વારા પ્રદૂષિત ચૂંટણીએ પ્રશ્નો ઊભા કર્યા હતા. બુથ કેપ્ચરીંગ એ મોટો પડકાર હતો. ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં જ્યારે હવે ઈવી એમ અને સર દ્વારા વોટર લીસ્તના ગોટાલા માટે પ્રશ્નો ઊભા થયા છે.

હા, અગાઉના સમયમાં અને અત્યારના સમયમાં એક તફાવત છે અને તે એ કે અગાઉ ચૂંટણી પ્રક્રિયાના,ગેરરીતિના તમામ આરોપો સ્થાનિક કક્ષાના હતા. બોગસ વોટીંગથી માંડીને ઓછા વોટીંગ સુધીની તમામ બાબતોના આરોપો સ્થાનિક રાજ નેતાઓ કે વ્યવસ્થા પર થતા હતા જ્યારે આ વખતે જે આરોપો થયા છે તે ચૂંટણી પ્રક્રિયાના કેન્દ્રીય આયોજકો પર જ થઇ રહ્યા છે.

ભારતમાં ચૂંટણી પંચ બંધારણીય રીતે સ્વતંત્ર છે પણ અગાઉ આ જ લેખમાં આપણે લખી ચૂક્યા છીએ કે ચૂંટણી કામગીરી એ રાજ્યના મહેસુલી વિભાગ દ્વારા થાય છે અને આ મહેસુલી અધિકારીઓ રાજ્ય સરકારના સીધા અંકુશમાં હોય છે. માત્ર ચૂંટણી કામગીરી માટે જ તેઓ ચૂંટણી પંચને હવાલે થાય છે. દેશમાં ટી. એન. શેષન ચૂંટણી કમિશ્નર થયા તે પહેલાં દેશના સ્વતંત્ર ચૂંટણી પંચનો અનુભવ નહિવત્ હતો. ટી. એન. શેષને આવીને મતદાર ઓળખકાર્ડ અને આદર્શ આચારસંહિતા લાગુ કરી. રાજકીય પક્ષો ચૂંટણી પંચથી ડરતા થયા અને પ્રજાને વિશ્વાસ બેઠો કે હવે દેશમાં ક્રમશઃ ચૂંટણી પ્રક્રિયા દોષરહિત થતી જશે. આમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન આવ્યું . માત્ર ચૂંટણીની મત ગણતરી ઝડપી બની પણ શરૂઆતના તબક્કે ભાજપના દિગ્ગજ નેતાઓએ આ evm મશીનનો વિરોધ કરેલો. જો કે એ તો એક અલગ જ વાત છે કે ભાજપ જેનો વિરોધ કરતું હતું તે જ બાબતોનો અત્યારે સહર્ષ અમલ કરી રહી છે એટલે ઈ. વી. એમ. નો પણ હાલ તે બચાવ કરી રહી છે.

ઈ. વી. એમ. ની જેમ જ ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણાની જે પ્રક્રિયા ચાલી છે અને મતદાતાઓનાં નામ મતદારયાદીમાંથી રદ થવા લાગ્યાં છે તેની સંખ્યા અને વલણો અનેક પ્રશ્નો ઊભા કરે છે. યોગ્ય જન પ્રતિનિધિની પસંદગીમાં આવી શંકાઓ યોગ્ય નથી. ભારતની લોકશાહી મોટી છે પણ પરિપક્વ ક્યારે થશે તેવા પ્રશ્નો માત્ર ભારતમાં જ નહીં પણ દુનિયાના પ્રતિષ્ઠિત દેશો અને ચિંતકો કરી રહ્યા છે. ભારતમાં હાલ જે થઈ રહ્યું છે તે દુનિયા નથી જોતી એમ નથી.

આપણે ૯૦ કરોડથી વધુ લોકો માટે ચૂંટણી વ્યવસ્થા ગોઠવી શકીએ છીએ તેની દુનિયાએ નોંધ લીધી હતી. દરેક રાજ્યમાં લાખો અને કરોડથી વધુ મતદારો રદ કરવામાં આવે છે તે પણ દુનિયા જુએ છે.

આજે દેશમાં વિપક્ષો ચુંટણી પંચના વિવિધ નિયમો અને સર પ્રક્રિયા માટે પ્રશ્નો કરી રહ્યા છે આપ્પ્ષનો માત્ર વિપક્ષના નથી . આપ્પ્ષનો ભારતના સામાન્ય જનતા ના છે . ખુદ સત્તામાં બેઠેલા પક્ષે પણ ચુંટણી પંચને પૂછવાના છે . કારણ પ્રશ્નો પર્તીનીધી પસંદગીની પર્ક્રિયા પરિપક્વ રીતેર થઈ છે કે નહિ તેના છે ? ચુંટણી પંચ સ્વતંત્ર હોય તે જ રીતે શંકા થી પર હોય તે અવસ્યક છે . ચુંટણી પંચની જવાબદારી છે કે લોકો ને વિશ્વાસ આપે કે તે ચુંટણી પર્ક્રિયા તાતાત્સ્થ કરે છે . જો ચુંટણી માટે જ શંકા હોય તો તે દ્વારા ચુટાયેલા લોકો પર વિશ્વાસ કેવી રીતે હોય ?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## આજના 'બેબી બુમર્સ'

વલસાડ કોલેજના પૂર્વ આચાર્ય ડૉ. જે. એમ. નાયકનું વક્તવ્ય સાંભળતાં નવો શબ્દ જાણવા મળ્યો અને એ છે 'બેબી બુમર્સ'. એમણે જણાવ્યું હતું કે આપણા દેશમાં જેન ઝી અને ઝી આલ્ફા ખૂબ જ ચર્ચામાં છે, જેમનાં આપણે દાદા-દાદી અને નાના-નાની થઈ ગયા છતાં ત્યારે આપણે પણ આપણી નવી ઓળખ બેબી બુમર્સ તરીકે કરીએ એ વ્યાજબી છે. આજના સમયમાં બેબી બુમર્સ પણ જુવાનિયાઓની જેમ પોતાની ઈનિંગને ભરપૂર માણી રહ્યાં છે. તેઓ પોતપોતાની મરજી પ્રમાણે આનંદદાયક અને સંતોષકારક રીતે જીવન જીવી રહ્યા છે. તેઓ પોતે પોતાના શારીરિક અને માનસિક આરોગ્ય પર પૂરતું ધ્યાન આપે છે. તેઓ રૂઢિચુસ્ત જીવનશૈલી જીવવાને બદલે આધુનિક લાઈફ સ્ટાઈલ અપનાવીને પોતાની નવી ઈમેજ ઊભી કરી રહ્યા છે.

**અડાજણ - શીલા ભટ્ટ**

## શિક્ષણની વેદના

આજના સમયમાં શિક્ષણકાર્યની સાથે શિક્ષકો અને આચાર્યો પર ઓનલાઈન કામગીરી અને વહીવટી કામનું ભારણ સતત વધી રહ્યું છે. વિવિધ માહિતી, અહેવાલો અને કાગળકામ સમયસર પૂરાં કરવાની જવાબદારીને કારણે ઘણીવાર શાળા સમય બાદ પણ કામ કરવું પડે છે. પરિણામે શિક્ષકોમાં માનસિક તણાવ, થાક અને કામનું દબાણ વધે છે. કોઈ શિક્ષક કે આચાર્ય આત્મહત્યા જેવું દુઃખદ પગલું ભરે ત્યારે તે સમગ્ર શિક્ષણજગત માટે ચિંતાનો વિષય બને છે. આવી સ્થિતિ ટાળવા ઓનલાઈન અને વહીવટી કામગીરીને વ્યવહારુ મર્યાદામાં રાખવી, પૂરતો સમય આપવો, જરૂરી સાધનો ઉપલબ્ધ કરાવવા અને કર્મચારીઓની સંખ્યા વધારવી જરૂરી છે. તેમના પર કામનું અતિશય ભારણ રહેશે તો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને ગુણવત્તાયુક્ત શિક્ષણને અસર થઈ શકે છે. તેથી શિક્ષકોને બિનજરૂરી વહીવટી કામગીરીમાંથી રાહત આપી, શિક્ષણકાર્ય માટે પૂરતો સમય ફાળવવો જોઈએ. શિક્ષકોનું માનસિક સ્વાસ્થ્ય જળવાશે તો જ તેઓ આવતી પેઢીને યોગ્ય દિશા, સંસ્કાર અને મૂલ્યો આપી શકશે.

**નવસારી - મહાદેવભાઈ રાઠોડ**

## નવરાત્રીનું બદલાતું સ્વરૂપ

નવરાત્રી માત્ર તહેવાર નથી, પરંતુ આપણી સંસ્કૃતિ, પરંપરા અને એકતાનું પ્રતીક છે. એક સમયે નવરાત્રી આવતાં જ સોસાયટીઓમાં ઉત્સાહનો માહોલ છવાઈ જતો. બાળકો, યુવાનો અને વડીલો સૌ સાથે મળીને ગરબાની તૈયારીઓ કરતા અને ગરબા રમતા. ત્યારે ન મોંઘી ટિકિટની જરૂર હતી, ન મોટા ડોમની. પોતાના લોકો સાથે આનંદ વહેંચવો એ જ સાચી ખુશી હતી. આ બદલાવમાં સોસાયટીના ગરબાની રોનક ક્યાંક ઓછી થતી જાય છે. સવાલ એ છે કે શું ગરબાનો આનંદ માત્ર ટિકિટ અને ભવ્ય આયોજનો પૂરતો સીમિત થઈ ગયો છે? ગરબો માત્ર નૃત્ય નથી, પરંતુ લોકોને જોડવાનું માધ્યમ છે. સોસાયટીના ગરબા પાડોશીઓ વચ્ચે આત્મીયતા વધારે છે અને બાળકોને સંસ્કૃતિ સાથે જોડે છે. તેથી મોટા આયોજનોની સાથે સોસાયટીની પરંપરા પણ જીવંત રાખવી જોઈએ. કારણ કે તહેવારની સાચી રોનક ભવ્ય ડોમમાં જ નહીં, પરંતુ પોતાના લોકો સાથે વિતાવેલી આનંદભરી પળોમાં પણ છે.

**સુરત - પવનકુમાર ડી વિશ્વકર્મા**

## નવરાત્રિ શક્તિની આરાધનાનું પર્વ

નવરાત્રિ શક્તિની આરાધનાનું પર્વ છે. ગરબો એટલે કાણાંવાળા માટીના ઘડામાં પ્રગટાવેલો પવિત્ર દીવો, જેની ફરતે તાળીઓના તાલે માતાજીની આરાધના કરવામાં આવે છે. હવે ડી.જે.ના તાલે ફિલ્મી ગીતો વગાડીને ગરબાના નામે ઉછળકૂદ કરવામાં આવે છે. સંગીતપ્રિય બનવાને બદલે આપણે ઘોંઘાટપ્રિય બનતા જઈ રહ્યા છીએ. ડી.જે.ના કાનફાડ અવાજમાં ભક્તિભાવ અને પરંપરાગત ગરબાની મીઠાશ ખોવાઈ રહી છે. આટલું જ નહીં, વધુ પડતા અવાજથી ધ્વનિપ્રદૂષણ ફેલાય છે અને સાંભળવાની શક્તિને પણ નુકસાન પહોંચી શકે છે. આવા ઘોંઘાટથી હૃદયના ધબકારા વધી શકે છે અને સ્વાસ્થ્ય પર પણ વિપરીત અસર થઈ શકે છે. આપણે ઉત્સવોની ઉજવણીના નામે આપણી સંસ્કૃતિને ભૂલતા જઈએ છીએ. ગણેશોત્સવમાં પણ ડી.જે.ના ઘોંઘાટનું દૂષણ જોવા મળે છે. દુઃખની વાત એ છે કે લોકોમાં જાગૃતિના અભાવે કોઈ વિરોધ કરવા તૈયાર થતું નથી. સરકારે આ બાબતે યોગ્ય નિયમો બનાવીને તેનો કડક અમલ કરાવવો જોઈએ, જેથી ઉત્સવોમાં ભક્તિ, પરંપરા અને આનંદ જળવાઈ રહે અને ઘોંઘાટથી લોકોને મુક્તિ મળે.

**નવસારી - હિતેન્દ્ર ટેલર**

## નદીના પ્રવાહ જેવું અદ્રશ્ય ધન

દુનિયામાં જો કોઈ સૌથી મૂલ્યવાન, અમીર અને ગરીબ વચ્ચે સમાન રીતે વહેંચાયેલું ધન હોય, તો તે છે 'સમય'. દરરોજ સવારે આપણને કુદરત તરફથી ખાતામાં ચોવીસ કલાક જમા થવાનો લાભ મળે છે. આજના દોડધામભર્યા યુગમાં માણસ પૈસા પાછળ એટલો ભાગી રહ્યો છે કે તે એ નથી સમજતો કે દુનિયાનો કોઈ પણ અમીર વ્યક્તિ પોતાની સંપત્તિ આપીને વીતી ગયેલી એક ક્ષણ તે વહેતી જાય છે અને આપણા આયુષ્યની વાટિકામાં એક પછી એક મોતી પરોવી લે છે. આપણે અર્થહીન બાબતોમાં કલાકો વેડફી નાખીએ છીએ અને જ્યારે ખરેખર મહત્ત્વનાં કાર્યોનો સમય આવે છે ત્યારે હાંફળા-ફાંફળા થઈ જઈએ છીએ. મહાપુરુષો અને સફળ વ્યક્તિઓ પાસે પણ દિવસના 24 કલાક જ હતા, પરંતુ તેમણે સમયની કિંમત સમજીને તેને ઈતિહાસમાં બદલી નાખ્યો. સોશિયલ મીડિયા પર અનંત સ્ક્રોલિંગ કે બેકારની ચર્ચાઓમાં સમય બગાડવા કરતાં જો આપણે વર્તમાન ક્ષણને જીવતાં શીખી જઈએ અને દરેક પળનો સદુપયોગ કરીએ, તો જીવન એક સાર્થક યાત્રા બની શકે. યાદ રાખો, "જે સમયને માન આપે છે, સમય તેને માન આપે છે." આવો, આજના પાવન દિવસે સંકલ્પ કરીએ કે આપણે સમયના ગુલામ નહીં, પણ સમયના સાચા સદુપયોગકર્તા બનીશું.

**સુરત - સંદીપ માંગુકિયા**

## ભાવાત્મક ઉજવણી

આખા વર્ષ દરમિયાન વિશ્વસ્તરે જુદા જુદા હેતુસર વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે, પરંતુ પ્રચારમાધ્યમોની મર્યાદાને કારણે જનસામાન્ય તેનાથી અજાણ રહે છે. પરિણામે ઉજવણીનો હેતુ સરતો નથી. નવમી ઓક્ટોબરે રાષ્ટ્રીય ટપાલ દિવસની પણ આવી જ સ્થિતિ જોવા મળી. ભારતમાં ટપાલ વિભાગમાં પૂરતા કર્મચારીઓના અભાવે અનેક વિસ્તારોમાં ટપાલો સમયસર મળતી નથી. કર્મચારીઓ અને કામગીરી વચ્ચે સંતુલન જળવાય તો ટપાલસેવા વધુ સુચારુ બની શકે. વર્ષો પહેલાં ટપાલી પોતાની આગવી સાયકલ અને ગણવેશ સાથે આવતો ત્યારે લોકો સાથે આત્મીય સંબંધ બંધાતો. દેશના ખૂણે ખૂણે વિસ્તરેલી ટપાલસેવા આજે પણ મહત્ત્વપૂર્ણ છે. ગુજરાતી સાહિત્યકાર ધૂમકેતુએ પણ ટપાલના માધ્યમથી માનવીય સંવેદનાઓને સુંદર રીતે રજૂ કરી છે. ટપાલ વિભાગ દ્વારા બચત સહિતની અનેક સેવાઓ પણ આપવામાં આવે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસથી સંદેશાવ્યવહારનાં માધ્યમો બદલાયાં છે, છતાં ટપાલસેવાનું મહત્ત્વ જળવાઈ રહે તે જરૂરી છે. તેથી ટપાલ દિવસની ઉજવણી સાથે ટપાલસેવાનું આધુનિકીકરણ અને તેની મૂળભૂત સેવાઓની સમીક્ષા પણ થવી જોઈએ.

**સુરત- યૂસુફ એમ. ગુજરાતી**